સૌરાષ્ટ્ર આસપાસ

# ડિગ્રીની દોટમાં હારી જતી જિંદગી

આજે જ્યારે ભારત ટેક્નોલોજી અને એન્જિનિયરિંગ ક્ષેત્રે વિશ્વભરમાં ડંકો વગાડી રહ્યું છે, ત્યારે તેની પાછળ એક કાળી વાસ્તવિકતા પણ છુપાયેલી છે. દેશની સર્વોચ્ચ ગણાતી અને અન્ય એન્જિનિયરિંગ સંસ્થાઓમાં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓના આત્મહત્યાના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. આ ઘટનાઓ માત્ર એક પરિવારની ખુશીઓ જ નથી છીનવી લેતી, પરંતુ રાષ્ટ્રની બૌદ્ધિક સંપત્તિનું પણ નુકસાન કરે છે. પ્રશ્ન એ થાય છે કે જે વિદ્યાર્થીઓ લાખોની ભીડમાંથી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરીને અહીં પહોંચ્યા છે, તેઓ અચાનક જીવનથી કેમ હારી જાય છે?માનસિક ભીંસના અદ્રશ્ય કારણો પણ જાણવા જેવા છે.વિદ્યાર્થીઓના મન પર છવાયેલા આ અંધકાર પાછળ અનેક મનોવૈજ્ઞાનિક પરિબળો કામ કરે છે. સૌથી મોટું કારણ 'અપેક્ષાઓનો પહાડ' છે. મધ્યમવર્ગીય પરિવારોમાં જ્યારે કોઈ બાળક ' માં પ્રવેશ મેળવે છે, ત્યારે આખા પરિવાર અને સમાજની આશાઓ તેના પર ટકેલી હોય છે. આ આશાઓ વિદ્યાર્થી માટે પ્રોત્સાહનને બદલે માનસિક બોજ બની જાય છે. તેને સતત એ ડર સતાવે છે કે જો તે નિષ્ફળ જશે અથવા તેના માર્ક્સ ઓછા આવશે, તો તે સમાજને શું મોઢું બતાવશે?વળી, આ સંસ્થાઓનું શૈક્ષણિક વાતાવરણ અત્યંત કઠિન હોય છે. જે વિદ્યાર્થી પોતાની શાળામાં હંમેશા પ્રથમ આવતો હોય, તે જ્યારે અહીં પહોંચે છે ત્યારે તેને પોતાની જેવી જ પ્રતિભા ધરાવતા હજારો વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધા કરવી પડે છે. આ તુલનાત્મક વાતાવરણમાં પોતાની જાતને સાબિત કરવાની મથામણ ઘણીવાર તેને લઘુતાગ્રંથિ તરફ દોરી જાય છે. આ સ્થિતિને મનોવિજ્ઞાનની ભાષામાં 'ક્રિટિકલ એન્ઝાયટી' કહેવામાં આવે છે, જેમાં વ્યક્તિ પોતાની ક્ષમતાઓ પર શંકા કરવા લાગે છે.એકલતા અને સંવાદનો અભાવ એન્જિનિયરિંગના અભ્યાસક્રમમાં લેબ, અસાઈનમેન્ટ અને પ્રોજેક્ટ્સનો ભાર એટલો હોય છે કે વિદ્યાર્થીઓ પાસે પોતાની જાત માટે કે સામાજિક જીવન માટે સમય જ બચતો નથી. સતત સ્ક્રીન અને પુસ્તકો વચ્ચે ઘેરાયેલા રહેવાથી તેઓ ભાવનાત્મક રીતે એકલા પડી જાય છે. જ્યારે કોઈ વિદ્યાર્થી માનસિક તણાવ અનુભવે છે, ત્યારે તેને એમ લાગે છે કે તેની સમસ્યા કોઈ સમજી શકશે નહીં. આ 'કોમ્યુનિકેશન ગેપ' જોખમી સાબિત થાય છે. મિત્રો સાથેની વાતચીત હવે માત્ર કેરિયર અને પ્લેસમેન્ટ પૂરતી સીમિત થઈ ગઈ છે, જેમાં હૈયાધારણની કોઈ જગ્યા રહી નથી.નિવારણના સચોટ માર્ગો પણ છે.આ ગંભીર સમસ્યાને રોકવા માટે માત્ર આશ્વાસન પૂરતું નથી, પરંતુ પાયાના ફેરફારો અનિવાર્ય છે. શૈક્ષણિક સંસ્થાઓએ પોતાની પદ્ધતિમાં માનવતાવાદી અભિગમ અપનાવવો પડશે. એકેડેમિક કેલેન્ડર એવી રીતે તૈયાર થવું જોઈએ કે વિદ્યાર્થીઓને રમતગમત અને કળા માટે પણ પૂરતો સમય મળે. દરેક વિભાગમાં એવા કાઉન્સેલર્સ હોવા જોઈએ જે માત્ર નામ પૂરતા નહીં, પણ વિદ્યાર્થીઓ સાથે મિત્રતા કેળવીને તેમની સમસ્યાઓ જાણી શકે. સંસ્થાઓએ 'નિષ્ફળતાની ઉજવણી' અથવા નિષ્ફળતાને સહજ ગણતા સેમિનારો યોજવા જોઈએ જેથી વિદ્યાર્થીઓ સમજે કે એન્જિનિયરિંગ એ જિંદગીનો માત્ર એક પડાવ છે, મંજિલ નહીં.માતા-પિતાએ પણ પોતાના સંતાનો સાથે સંવાદ વધારવો પડશે. "તારા માર્ક્સ કેટલા આવ્યા?" એ પ્રશ્ન પૂછવાને બદલે "તું કેમ છે? તને કોઈ તકલીફ તો નથી ને?" એવા સવાલો પૂછવાની આદત પાડવી પડશે. બાળકોને નાનપણથી જ માનસિક મજબૂતી (ઈીજૈઙ્મૈીહષ્ઠી) શીખવવી જરૂરી છે. તેમને સમજાવવું પડશે કે જીવનમાં પ્લેસમેન્ટ કે પેકેજ કરતા સ્વાસ્થ્ય અને ખુશી વધુ મહત્વના છે.મિત્રોની ભૂમિકા અહીં સૌથી મહત્વની છે. 'પીઅર સપોર્ટ સિસ્ટમ' એટલી મજબૂત હોવી જોઈએ કે કોઈ પણ વિદ્યાર્થી પોતાની જાતને અસહાય ન અનુભવે.

# શિક્ષણ જાગૃતિ અને ગરીબીની વાસ્તવિકતાનો વિરોધાભાસ રજૂ કરતી તસવીર....




ફ્રાઈડે ફોટો સ્ટોરી

-જયદીપ એ. દવે

ભારતનું બંધારણ દરેક બાળકને શિક્ષણનો અધિકાર આપે છે અને રાજ્ય પર મફત તથા ફરજિયાત શિક્ષણની જવાબદારી મૂકે છે. છતાં નેશનલ સેમ્પલ સર્વે મુજબ ગુજરાતમાં ૨૦૨૪–૨૫ દરમિયાન આશરે ૫૪ હજાર બાળકો શિક્ષણથી વંચિત હતા, જે ૨૦૨૫–૨૬માં વધીને ચિંતાજનક રીતે ૨.૪૦ લાખને વટાવી ગયા—આ આંકડો માત્ર સરકારની નિષ્ફળતા નહીં, સમાજ માટે પણ નાલેશીજનક છે. શાળા છોડનારા બાળકોની સંખ્યા પણ સતત વધી રહી છે. ભાવનગરમાં ખાનગી શાળાની ઊંચી ફી, અલંગમાં કામ કરતા પરપ્રાંતીય મજૂરોનું સ્થળાંતર અને ખેતીની સિઝન મુજબ પરિવાર સાથે મજૂરી માટે થતા સ્થળાંતર બાળકોના અભ્યાસને અધવચ્ચે અટકાવે છે. ત્યારે ઘોઘા સર્કલ ખાતે ફુગ્ગા વેચતા ગરીબ પરિવારનો એક પુત્ર ફુગ્ગામાં હવા ભરવાનું શીખતો જોવા મળે છે, ત્યારે તેની પાછળની દિવાલ પર શિક્ષણ માટે જાગૃતિ ફેલાવતી તસ્વીર એક કરુણ વિરોધાભાસ ઊભો કરે છે—જાણે પ્રશ્ન પૂછતી હોય કે અધિકાર કાગળ પર છે, પણ બાળકના હાથમાં આજે પણ મજૂરી જ કેમ?

# સજ્જતાનું ત્રીજું સોપાન : અન્યોની ઈર્ષ્યાનો ત્યાગ

આપણામાંથી ઘણાના મનની એક વિલક્ષણતા કદાચ આ છે કે એને પોતાને શું મળ્યું છે ? એની એટલી ચિંતા નથી, પણ બીજાને પોતાના કરતા વધું મળ્યું છે તો તેની પરવાહ વધારે છે. પોતાને નબળું મળ્યું છે એ એના માટે એટલો મોટો પ્રશ્ન નથી. પણ બીજાને પોતાનાથી વધારે સારું કેમ મળ્યું છે ? એ એના માટે જાણે યક્ષપ્રશ્ન છે. એ પોતાનાં દુ:ખનાં કારણે જેટલું દુ:ખી થાય છે એના કરતા બીજાનું સુખ જોઈને વધુ દુ:ખી થાય છે. મનની આ વિલક્ષણતાને દૂર કરવા માટે જ જૈનાચાર્ય સોમપ્રભસૂરીશ્વરજી મહારાજે સ્વરચિત' સિન્દૂરપ્રકર' ગ્રન્થમાં સજ્જન બનવા માટેનું ત્રીજું લક્ષણ જાણે આ રીતે બતાવ્યું છે કે 'સંતોષ વહતે પરદ્ધિષુ.' મતલબ કે સજ્જન વ્યક્તિએ છે જે બીજાની સમૃદ્ધિ નિહાળીને મનમાં સંતોષ ધારણ કરે- ઈર્ષ્યા ન કરે.

અન્યની સમૃદ્ધિમાં સુખમાં આવો સંતોષ ધારણ કરનાર વ્યક્તિનાં જીવનમાં ચાર લાભો થાય છે : (૧) બીજાના સુખમાં સુખ મળે છે- અન્યનું સુખ નિહાળીને મનમાં ઈર્ષ્યાનો ભાવ પ્રગટતો નથી બલ્કે આનંદની અનુભૂતિ થાય છે. (૨) લાલસાઓ શાંત બને છે- અન્યો સાથે સ્પર્ધાનો ભાવ ન હોવાના કારણે નવું નવું મેળવી લેવાની પ્રવૃત્તિઓ ઘટે છે. (૩) તત્ત સ્વસ્થ રહે છે- જીવનમાં સંતોષવૃત્તિ હોવાનાં કારણે નિરર્થક અને અતિશય દોડધામ રહેતી નથી. તેથી તન સ્વસ્થ-નિરોગી રહે છે અને (૪) તન સમાધિમાં રહે છે- બીજો મેળવી જાય છે, હું રહી જાઉં છું અથવા તો બીજાને વધારે મળે છે, મને ઓછું આવો ઉચાટ મનમાં રહેતો નથી. મન હરદમ પ્રસન્ન રહે-સમાધિમાં રહે છે. અન્યની સમૃદ્ધિમાં આવી સંતોષવૃત્તિ ન હોય અને ઈર્ષ્યાવૃત્તિ હોય તો પરિણામમાં ઘણીવાર મેળવવાના બદલે ગુમાવવાનું આવતું હોય છે. કરવી છે આની પ્રતીતિ ? તો વાંચો આ નાનકડી ઘટના :

કરંટ ટોપિક



ગામની બહાર બે ગરીબ વૃદ્ધા બાજુ બાજુમાં કુટિર બનાવીને એકલી રહે. એકનું નામ શાંતા અને બીજીનું નામ કાંતા. એક દીવસ કોઈ સંતના ઉપદેશથી શાંતાએ ગામથી દૂર રહેલા યક્ષને સાધના કરી પ્રસન્ન કર્યા અને રોજ એક સોનામહોર મેળવવાનું વરદાન મેળવ્યું. ધીરે ધીરે શાંતાના દિદાર બદલાવા લાગ્યા. આ વાતની ખબર ક્યાંકથી પડી કાંતાને. એનાં મનમાં ઈર્ષ્યા જાગી. શાંતા સુખી થઈ અને હું રહી ગઈ આ વિચારે એ દુ:ખી થઈ. એણે પણ મહેનત કરી યક્ષને પ્રસન્ન કર્યા. યક્ષ પાસેથી રોજ બે સોનામહોર મળે એવું વરદાન મેળવ્યું. શાંતાને આ વાતનો ખ્યાલ આવતા ઈર્ષ્યાથી એણે ફરી યક્ષસાધના કરી, નિત્ય ચાર સોનામહોરો મળે એવું વરદાન મેળવ્યું. એ પછી કાંતાએ આઠ સોનામહોરોનું- શાંતાએ સોળ સોનામહોરોનું- કાંતાએ બત્રીશ સોનામહોરોનું- શાંતાએ ચોસઠ સોનામહોરોનું.. એમ વરદાનપ્રાપ્તિનો ક્રમ ચાલ્યો. ન કાંતા થાકે.. ના શાંતા થાકે.. પણ આમાં પેલો યક્ષ એક દિવસ થાકી ગયો. આખરે એણે કંટાળીને શાંતા અને કાંતા પાસેથી તમામ વરદાન પરત લઈ લીધા. એટલું જ નહિ, ઝૂંપડીમાંથી મહેલસમા બનેલા તેમના આવાસોને પણ પુન: કુટિરમાં પરિવર્તિત કરી દીધા. સજ્જન બનવા માટે આપણે આવી ઈર્ષ્યાવૃત્તિને છોડીને અને સંતોષવૃત્તિને જીવનમાં અપનાવવા સાથે યાદ રાખીએ આ સંદેશ કે 'અન્યનાં દુ:ખે સુખી થાય એ દુર્જન છે, અન્યનાં સુખે સુખી થાય એ સજ્જન છે...'

# અમેરિકાના સુપરપાવરથી પણ એક પગથિયું ઊંચું એવું હાઈપર પાવર

ભારત અને અમેરિકાના સંબંધો આજે ૨૧મી સદીની સૌથી મહત્વપૂર્ણ ભાગીદારી ગણાય છે. આ સંબંધોને સમજવા માટે આપણે તેને ત્રણ મુખ્ય પાસાઓથી જોઈ શકીએ: લોકશાહી, સુરક્ષા અને અર્થતંત્ર.

**ભારત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મજબૂત શક્તિ તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યું છે. આ માટે અમેરિકા ભારતને અદ્યતન શસ્ત્રો, ડ્રોન ટેકનોલોજી અને લશ્કરી ગુપ્ત માહિતી પૂરી પાડી રહ્યું છે. જોકે, ભારત પોતાની 'સ્વાયત્ત વિદેશ નીતિ' જાળવી રાખે છે; એટલે કે ભારત અમેરિકાનો સાથી છે, પણ તેનો 'ગુલામ' કે 'સેટેલાઇટ' દેશ નથી.**

૧. વૈશ્વિક લોકશાહીનું જોડાણ:

ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે અને અમેરિકા સૌથી જૂની. આ સમાન મૂલ્યો બંને દેશોને એકબીજાની નજીક લાવે છે. છેલ્લા બે દાયકામાં બંને દેશો વચ્ચેનો વિશ્વાસ વધ્યો છે, જેનું ઉદાહરણ 'ક્વાડ' (QUAD) જેવી સંસ્થાઓ છે, જ્યાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા સાથે મળીને કામ કરે છે.

૨. સુરક્ષા અને ચીનનો પડકાર:

એશિયામાં ચીનનું વધતું જતું પ્રભુત્વ ભારત અને અમેરિકા બંને માટે ચિંતાનો વિષય છે. અમેરિકા ઈચ્છે છે કે ભારત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મજબૂત શક્તિ તરીકે ઉભરે. આ માટે અમેરિકા ભારતને અદ્યતન શસ્ત્રો, ડ્રોન ટેકનોલોજી અને લશ્કરી ગુપ્ત માહિતી પૂરી પાડી રહ્યું છે. જોકે, ભારત પોતાની 'સ્વાયત્ત વિદેશ નીતિ' જાળવી રાખે છે; એટલે કે ભારત અમેરિકાનો સાથી છે, પણ તેનો 'ગુલામ' કે 'સેટેલાઇટ' દેશ નથી.

૩. વેપાર અને ટેકનોલોજી:

અમેરિકા ભારતનો સૌથી મોટો વ્યાપારી ભાગીદાર છે. આઈટી (IT), ફાર્માસ્યુટિકલ્સ અને સેમિકન્ડક્ટર ક્ષેત્રે બંને દેશો ગાઢ રીતે જોડાયેલા છે. અમેરિકામાં વસતા લાખો ભારતીયો (ડાયસ્પોરા) બંને દેશો વચ્ચે એક મજબૂત સેતુનું કામ કરે છે. ગૂગલ, માઈક્રોસોફ્ટ અને એડોબ જેવી મોટી કંપનીઓના ભારતીય મૂળના સીઈઓ (CEOs) આ સંબંધોની સફળતાનું પ્રતીક છે.

ભારત અમેરિકાના સંબંધો સામેના પડકારો અનેક છે.સંબંધોમાં ઉતાર-ચઢાવ પણ છે. રશિયા સાથે ભારતની જૂની મિત્રતા અને ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ' જેવી કડક ટેરિફ નીતિઓ ક્યારેક તણાવ પેદા કરે છે. અમેરિકા ઈચ્છે છે કે ભારત તેના દરેક યુદ્ધમાં સાથ આપે, જ્યારે ભારત પોતાના રાષ્ટ્રીય હિતોને પ્રાધાન્ય આપે છે.

ટુંકમાં કહીએ તો, ભારત અને અમેરિકાના સંબંધો હવે માત્ર લેવડ-દેવડના નથી, પરંતુ વ્યૂહાત્મક મજબૂરી અને પરસ્પર સન્માનના છે. ભારત આજે અમેરિકા માટે એક એવો મિત્ર છે જેની ઉપેક્ષા કરવી હવે કોઈપણ અમેરિકન પ્રમુખ માટે શક્ય નથી.

સાવિયત સંઘની ગોકળગતિ સામે હરણફાળ ભરતા અમેરિકાનું મુક્ત અર્થતંત્ર ટેકનોલોજી ક્ષેત્રે નવી-નવી શોધો માટે અનુકૂળ વાતાવરણ પ્રદાન કરતું હતું. ત્યાંની ટેક કંપનીઓએ એકવીસમી સદીની દુનિયાને બદલી નાખી છે. આઈટી, ઈન્ટરનેટ, કમ્પ્યૂટર, ડિજિટલ ઈલેક્ટ્રોનિક્સ, ઈત્યાદિને કારણે મૉડનીઈઝેશનની હોડમાં અમેરિકા વિજેતા સાબિત થયું છે. વર્તમાન જગતમાં સર્વાધિક શક્તિ હાંસલ કરનાર રાષ્ટ્ર તરીકે અમેરિકા માટે મહાસત્તા કે સુપરપાવરની પદવી ક્યારેક નાની પડે. અમેરિકા સુપરપાવરથી પણ એક પગથિયું ઊંચુ એવું હાઈપરપાવર છે.

સૈન્ય શક્તિ દ્વારા વ્યૂહાત્મક વિસ્તારવાદને અનુસરીને અમેરિકાએ વિશ્વમાં અનેક સ્થળે નાનાં-મોટાં લશ્કરી

**આસપાસ ચોપાસ**

**સુરેશ ભટ્ટ**

મથકો સ્થાપ્યાં છે. ૨૦૨૫ના આંકડા મુજબ એંશીથી વધારે દેશોમાં પથરાયેલા મથકોની સંખ્યા ૭૫૦થી પણ વધારે છે, જ્યાં ૧.૭૩ લાખ વ્યક્તિઓ તહેનાત છે. અમેરિકાનું મિલિટરી બજેટ ૨૦૨૫માં ૮૫૦ અબજ ડૉલર્સ હતું, ૨૦૨૬માં ૮૯૨ ડૉલર્સ રહેશે અને ૨૦૨૭માં ડોનાલ્ડ ટ્રમ્પની ઈચ્છા એને ૧૬૦૦ અબજ ડૉલર્સ સુધી લઈ જવાની છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં તેમણે ફરમાન કાઢીને 'ડિપાર્ટમેન્ટ ઑફ ડિફેન્સ'ના સહાયક નામ તરીકે 'ડિપાર્ટમૅન્ટ ઑફ વૉર' પણ લાગું કરાવેલું.

પણ ટોચના અમેરિકન રાજનીતિજ્ઞો, નીતિ-નિર્ધારિકો, બૌદ્ધિકો પણ આવી અન્ય ઘણી થિયરી સમજતા હશે.

આ તબક્કે અમેરિકા એટલું તો મૂર્ખ નથી લાગતું કે એ આર્થિક ક્ષમતા બહારનો જંગ ખેલવા નીકળી પડે. એટલે અમેરિકા સાથી દેશોને યુદ્ધ માટે સજ્જ થવા દબાણ કરી રહ્યું છે.

નેટો/નાટો સંગઠનના સૌથી બળશાળી સભ્ય તરીકે અમેરિકા મહદંશે યુરોપના સાથી દેશોની રક્ષાની જવાબદારી અને અડધોઅડધ ખર્ચ ઉઠાવતું આવ્યું છે. જોકે ટ્રમ્પની આગેવાનીમાં અમેરિકા પોતાની જવાબદારી હળવી કરીને યુરોપના દેશો પર અધિક જવાબદારી અને આર્થિક બોજ લાદવાની નીતિ અપનાવી રહ્યા છે. અમેરિકાનું લાંબા સમયથી દબાણ છે કે યુરોપના દેશો પોતપોતાનું મિલિટરી બજેટ વધારે અને યુક્રેન યુદ્ધના ખપ્પરમાં એ પણ બરાબર ભોગ આપે. ગ્રીનલૅન્ડનું કોકડું ઊભું કરીને ટ્રમ્પે યુરોપના દેશોને ભાન કરાવી દીધું છે કે સૈન્ય ક્ષમતા વગર તેઓ કેટલા લાચાર અને નિ:સહાય છે.

તાઈવાન મુદ્દે ચીન સાથે જંગ ખેલાય તો ઑસ્ટ્રેલિયા અને જાપાન પાસેથી પણ અમેરિકાને આવી જ આશા છે. જાપાન બાર વર્ષથી સતત મિલિટરી બજેટ વધારી રહ્યું છે, સૈન્ય અને ડિફેન્સ સિસ્ટમને દુરસ્ત કરી રહ્યું છે. નવેમ્બર ૨૦૨૫માં વડા પ્રધાન સાનાએ તાકાઈચીએ એવા અર્થમાં નિવેદન આપેલું કે જો ચીન તાઈવાન પર હુમલો કરશે તો જાપાન તાઈવાનની વહારે આવશે.

પૉલ કેનેડીની થિયરી પ્રમાણે મહાસત્તાની માઠી દશા ત્યારે શરૂ થાય, જ્યારે એ આર્થિક ક્ષમતાના પ્રમાણમાં ક્યાંય વધારે લશ્કરી ખર્ચ કરવા લાગે. પહેલી નજરે ટ્રમ્પની હરકતો પરથી એવું જ લાગે છે, પરંતુ ચિત્ર જરાક અલગ છે. બને કે પૉલ કેનેડીની 'ઈમ્પિરિયલ ઓવરસ્ટ્રેચ' થિયરીથી ટ્રમ્પ અજાણ હોય,

ઈઝરાયેલ જેવા સાથી દેશો છે. ઈઝરાયેલે તો અસ્તિત્વ ટકાવવા મિલિટરી બજેટ મોટું રાખ્યા સિવાય છૂટકો નથી. રહી વાત ભારતની, તો આપણા અંગત વિવાદને કારણે ચીન સાથે યુદ્ધ કરવાનું થાય તો ભારત તૈયાર રહેશે, પણ અમેરિકા-ચીન વચ્ચેના જંગમાં ભારત કોઈનો પક્ષ નહી લે એ હાલ પૂરતું સ્પષ્ટ છે. કદાચ આ પણ એક કારણ હશે કે ટ્રમ્પને ભારત હવે ખાસ ઉપયોગી નથી લાગતું. ટ્રમ્પને અમેરિકા વતી યુદ્ધ લડી શકે એવા સાથી કે ગુલામ દેશો જોઈએ છે, જે ભારત ક્યારેય નહીં બને.

સ્પેન અને બ્રિટનનું અનુકરણ કરીને અમેરિકા વિશ્વભરમાં સૈન્ય મથકો પાથરીને બેઠું છે. કિંતુ ઈતિહાસના પાઠ ભણેલું અમેરિકા સાવ આંધળો ખર્ચ કરીને યુદ્ધની જવાળાઓમાં પોતાના અર્થતંત્રને હોમી દે એવું અત્યારે તો લાગતું નથી. ઊલટાનું, અમેરિકાની નવી નીતિ એવી જણાય છે કે જો મોટું યુદ્ધ ફાટી નીકળે તો પોતાની એકલાની જ આર્થિક ખુવારી ના થાય અને નુકસાન સરખે ભાગે સાથી મિત્રોમાં પણ વહેંચાય. આ ઘણી સમજદારી ભરેલી ચાલ છે.

પૉલ કેનેડી લશ્કરી તાકતનો પાયો આર્થિક ક્ષમતા અને અર્થતંત્રને ગણાવે છે. આ મામલે અમેરિકા ચોક્કસ એક ગંભીર સંકટમાં ઘેરાઈ ગયું છે. સ્પેનિશ રાજાશાહીની જેમ એ પણ અનેક વસ્તુઓની આયાત કરે છે. એણે દાયકાઓથી નીચલા સ્તરનું મૅન્યુફેક્ચરિંગ વર્ક ચીન, મેહિકો અને વિએતનામ જેવા દેશોમાં મોકલી દીધું છે. એ ક્ષેત્રોમાં અમેરિકાની આર્થિક ક્ષમતાનો ક્ષય થયો છે. ટ્રમ્પની ટેરિફ વૉરનો એક લાંબા ગાળાનો હેતુ આ પ્રકારનું મૅન્યુફેક્ચરિંગ અને એને સંલગ્ન રોજગારી પાછી ખેંચી લાવવાનો છે.

જોકે કેટલુંક ઉચ્ચ સ્તરનું અને સ્પેશિયલાઈઝ્ડ મૅન્યુફેક્ચરિંગ હજુ પણ અમેરિકામાં થાય છે. જેમ કે ઍરોસ્પેસ, સેમિકન્ડક્ટર, બાયોટેક, ફાર્મા અને ઈન્ડસ્ટ્રિઅલ ઑટોમેશન. નવી ટૅક્નોલોજી, ડિવાઈઝ, ઈત્યાદીની પૅટન્ટ અને ડિઝાઈનની માલિકી અમેરિકનો પાસે રહે છે. વિશ્વની ટોચની આઈ.ટી. કંપનીઓ પર અમેરિકાનો એકાધિકાર છે. ડિફેન્સ ટૅક્નોલૉજી, અદ્યતન શસ્ત્રો, ફાઈટર જેટ જેવી બાબતોમાં પણ એનો દબદબો છે. આ ક્ષેત્રોમાં અમેરિકાની આર્થિક ક્ષમતા હજુ અકબંધ છે.